# અગ્નિરથી

(કાવ્યસંગ્રહ)

હર્ષદજોશી 'ઉપહાર'

: પ્રકાશક :

**એમ.એમ.સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧


AGNIRATHI

a Poetry

by **Harshad Joshi 'UPHAR'**

Pub. by **M.M. Sahitya Prakashan**, Mahavir Marg, Anand.

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. : ૫૦/-

ટાઇપ સેટીંગ Mayur's

સજાવટ ગુર્જરી સાહિત્યાલય ડાકોર

આવરણ ચરોતર સાહિત્યાલય નડિયાદ

પ્રકાશક **એમ.એમ.સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ આણંદ

મુદ્રક **અર્પણ પ્રિન્ટરી**

રાધાસ્વામી ચેમ્બર્સ, ભાલેજ રોડ, આણંદ.

# અર્પણ

'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી.'

**- ઉમાશંકર જોશી**

'મા! તું હૃદયે વસનારી.'

**- સુંદરમ્**

'ભાઈ રે!! આપણા દુઃખનું કેટલું જોર.!'

**- રાજેન્દ્ર શાહ**

'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.'

**- રાવજી પટેલ**

# બે બોલ...

ગુજરાતી સાહિત્યપ્રેમી જનતાના કરકમળમાં **'અગ્નિરથી'** કાવ્યસંગ્રહ અર્પણ કરતાં આનંદ અનુભવું છું. મારા વતનની તળપદી બોલીમાં સહજ રીતે ઉદ્‌ભવેલાં ગીત-કાવ્ય જનતામાં નૂતન ભાવ જન્માવશે જ.

મારી સાહિત્ય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપનાર ડાહ્યાલાલ પુરોહિત, નટવર હેડાઉ, ડૉ. દક્ષેશ ઠાકર, ગોપાલ શર્મા, અનવરઅલી, ગિરીશ જોશી, કૃષ્ણ દવે, પ્રિયકાન્ત પરીખ, ચૈનાલી રમેશ દેવ, કિશોરસિંહ, માધવ રામાનુજ, કવિદફન ઉજમશી અને પુષ્પાબેન ભટ્ટનો આભારી છું. એમ. એમ. પ્રકાશનના માલિક યાકુબભાઈનો આભારી છું.

ગુજરાતની જનતા **'અગ્નિરથી'** કાવ્યસંગ્રહને આવકારશે જ એ જ અભિપ્સા છે.

**જય જય ગરવી ગુજરાત**

**હર્ષદ જોશી 'ઉપહાર'**
મુ. વ્યાસવાસણા તા. કપડવંજ



# કવિશ્રીનો પરિચય

**હર્ષદજોશી 'ઉપહાર'**નો જન્મ : ૧૫-૭-૧૯૫૦માં કપડવંજ તાલુકાના વ્યાસ-વાસણા ગામમાં થયો હતો. તેઓ બાળપણથી સાહિત્ય સર્જન કરે છે. માધ્યમિક શાળાના શિક્ષક હતા. હાલ, વતનમાં જ નિવૃત જીવન જીવે છે. કપડવંજ તાલુકાની ગ્રામ્ય પ્રજાની તળપદી બોલીમાં ગીતકાવ્યનું સર્જન એ એમની વિશેષતા છે. તેમનાં કાવ્યો દૂરદર્શન, આકાશવાણી અને ગુજરાતી સામયિકોમાં પ્રસિધ્ધ થાય છે.

**'પાવાના સૂર'** અને **'અગ્નિરથી'** તેમના કાવ્યસંગ્રહ છે. **'ગોમતી તારાં નિર્મળ નીર'**, **'યાત્રા'** અને**'બોડાણો ભક્ત શ્રી હરિનો' 'અંતરમનનો વરસાદ'** નવલકથાઓ છે. તેમણે ફાબર્સ એવોર્ડ, સારંગ બારોટ એવોર્ડ તેમજ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની હિન્દીની પ્રચાર પ્રવૃત્તિ માટે ગવર્નરશ્રીએ સન્માનિત કરેલ છે.

**ગિરીશ જોશી**
**સાહિત્ય ગુર્જરી, કપડવંજ, જિ. ખેડા**

## તળપદી ભાષાનું બળકટ રૂપ : અગ્નિરથી

**'અગ્નિરથી'** એ કવિશ્રી હર્ષદજોશીનો દ્વિતીય કાવ્યસંગ્રહ છે, ગીત સંગ્રહ છે. ગુજરાતી ભાષામાં ગામઠી તળપદી બોલીનો સૌ પ્રથમ પ્રયોગ કવિ ઉમાશંકર જોશી એ એકાંકીના કલાસ્વરૂપમાં કર્યો. તો કવિ હર્ષદજોશી આપણી ભાષાના આંચલિક તળપદા રૂપનું કુદરતી સૌંદર્ય કાવ્યમાં આત્મસાત કરે છે.

કવિ હર્ષદજોશી એ આપણા ગોપ કવિ છે, કવિ રાવજી પટેલની કવિતા જે અર્થમાં ગોપકવિતા છે. એ અર્થમાં આ કવિની રચનાઓ પણ તળપદા પ્રાકૃતિક પરિવેશને આબેહૂબ રીતે પ્રગટ કરે છે. પોતાનું વતન કપડવંજ તાલુકાનું વ્યાસ-વાસણા ગામ ત્યાંની ભલી ભોળી ગામઠી પ્રજાનાં સુખ-દુઃખના હૃદયોદ્‌ગારોને કવિની કલમ કાવ્યનું તેજ અર્પે છે. આ એક નવી જ દિશામાં ગતિ છે. ગુજરાતી કાવ્ય સરિતાનું આ નૂતન વહેણ એની કલ્પનાની ચમવૃત્તિ અને અર્થ સૌંદર્યની કાવ્યકલાનું ઉતુંગ શિખર સર કરે છે. સંગ્રહનાં કૃષ્ણકાવ્યોની પરંપરા એમની તળપદી નિર્દોષને નિર્મળ પ્રણયની ચિરંતન પ્રતીતિનો બોધ કરાવે છે. 'ધ્વનિ' કાવ્યસંગ્રહને કવિ રાજેન્દ્રશાહ ગીત કાવ્યોસંગ્રહ તરીકે ઓળખાવે છે. તેમ આપણા કવિના ગીત કાવ્યોનો ગીતનું કલા સ્વરૂપ એના તળપદા લય સંગ્રહ છે. લહેકા સાથે અંતરના તાલ સાથે સર્વાંગ સુંદર રીતે આત્મસાત થાય છે, સંગ્રહની સૌથી મોટી વિશેષતા એની નિસર્ગ સુંદરતા અને સર્વજન સ્પર્શિતા છે.

આ જીવનરાગી, પ્રકૃતિરાગી આનંદના પર્યાય જેવા કવિ વિષાદનાં કટું સંવેદનો પણ અનુભવ્યાં હશે. પણ કાવ્યનો વિષય જ્યારે પણ પસંદ કરે છે ત્યારે વિષયાચક 'નિલકંઠ' ભગવાન આશુતોષ પરમ કલ્યાણકારી શિવની જેમ આનંદ ને ઉત્સવ જીવન અને પ્રેમનો જ વિનય પ્રગટાવે તેવા કવિના વિષયો પસંદ કરે છે. જે કવિની વિધાયક જીવન દૃષ્ટિ અને સર્વવ્યાપી પરગજુતાનો પરિચય કરાવે છે. આ તળપદા ગીત કાવ્યોની બીજી મહત્ત્વની વિશેષતા એ છે કે અહીં જનપદનું જીવન કાવ્યનો મુખ્ય કવન વિશેષ બને છે. પણ આ કાવ્યોનું તળપદું ભાવવિશ્વ જીવનના નિર્વ્યાજ ને મધુર પ્રણયના અનુભવોને વ્યક્ત કરે છે, આ પ્રીતિમાં સમર્પણને સ્વાર્પણની મીઠાશ છે, ક્યાંય દગો ફટકા કે છેહ દીધાની દુર્ઘટનાઓ નથી એ અર્થમાં અહીં કશુંક દબાયું નથી, ચગદાયું નથી, છતાં કશુંક કપાયું છે, એ અર્થમાં આ કાવ્યોનું તળપદું ભાવજગત એના પરિવેશને લીધે આંચલિક છે, પણ દલિત નથી, પન્નાલાલ પટેલના કથા વિશ્વનું સ્મરણ અહીં આ ગીતોની ભાવસૃષ્ટિ કરાવે છે. આટલી પૂર્ણતા એ પહોંચ્યા પછીય આ 'ખિન્નશ્રધ્ધાળું' કવિ પોતાની સર્જકતા માટે સાશંક છે, તેમાં એમની નમ્રતા જ જોવા આ ગુણાનુરાગી 'ગુર્જર ગિરા'ની ગુજરાતી પ્રજાને મારી નમ્ર અપીલ છે, જેમ કે,

"કેમ કરી આવું હું ગોકુળિયું ગામ
મારા પ્રાણોમાં આ જ ફફડાટ છે.
કે મારા હૃદયમાં રાધાનું ધામ છે."....

**ડૉ. હિતેન્દ્ર જોશી**
અધ્યક્ષ : ગુજરાતી વિભાગ
આર્ટસ કોલેજ, કપડવંજ

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧ | રોમાંસ છે | ૧૧ |
| ૨ | છોડી દીધા | ૧૨ |
| ૩ | રેતમાં | ૧૩ |
| ૪ | આકળવિકળ | ૧૪ |
| ૫ | પીવું છું | ૧૫ |
| ૬ | ખુલ્લે આમ થાય છે | ૧૬ |
| ૭ | કોમળ | ૧૭ |
| ૮ | દોરા ધાગા કરું છું | ૧૮ |
| ૯ | તરતા રહ્યા | ૧૯ |
| ૧૦ | સંહાર વિના ન થાય | ૨૦ |
| ૧૧ | સાથમાં હોય છે | ૨૧ |
| ૧૨ | યુધિષ્ઠિર બની તમે | ૨૨ |
| ૧૩ | નિષ્ફળ કરવાં જોઈએ | ૨૩ |
| ૧૪ | જીતવું જોઈએ | ૨૪ |
| ૧૫ | અર્પીને ગયા | ૨૫ |
| ૧૬ | કૃષ્ણ!!! | ૨૬ |
| ૧૭ | ઉધ્ધાર તારો છે | ૨૭ |
| ૧૮ | મારી ગઝલ | ૨૮ |
| ૧૯ | પૃથ્વી તરફ | ૨૯ |

| | | |
|---|---|---|
| ૨૦ | કહે છે | ૩૦ |
| ૨૧ | જિંદગીમાં | ૩૧ |
| ૨૨ | ધબકતા રહ્યા | ૩૨ |
| ૨૩ | હિંમત નથી | ૩૩ |
| ૨૪ | તું હોય છે | ૩૪ |
| ૨૫ | શું કરું? | ૩૫ |
| ૨૬ | મારી સાંચ્ | ૩૬ |
| ૨૭ | સેતર | ૩૮ |
| ૨૮ | વિંછવો કૈડો | ૩૯ |
| ૨૯ | આંખ્યુંમાં પાંણીસ્ | ૪૧ |
| ૩૦ | લોધ્ધડીયું ગાડું | ૪૩ |
| ૩૧ | કારેલી રે! | ૪૪ |
| ૩૨ | આંબો માંહર્યો | ૪૫ |
| ૩૩ | ચ્યમ્ ચ્યમ્ થાય | ૪૬ |
| ૩૪ | મેળામાં સીચો | ૪૮ |
| ૩૫ | ખણબાયું | ૫૦ |
| ૩૬ | રાધાનું નામ | ૫૨ |
| ૩૭ | સ્નેહગીત | ૫૩ |
| ૩૮ | કહાન તારી યાદમાં | ૫૪ |
| ૩૯ | કહાન સતાવે | ૫૫ |
| ૪૦ | જરા આવીજા | ૫૭ |
| ૪૧ | આંખ ખોલું તો | ૫૮ |
| ૪૨ | મેહુલો વરસે | ૫૯ |
| ૪૩ | આવ તું | ૬૦ |
| ૪૪ | મહિયર ગામ | ૬૨ |
| ૪૫ | હીંચકો | ૬૪ |
| ૪૬ | ગુલમોર રાજ | ૬૬ |
| ૪૭ | વિરાટ જાગે રે | ૬૭ |
| ૪૮ | શહીદી ગમે છે | ૬૮ |
| ૪૯ | તું ફરકે | ૬૯ |
| ૫૦ | બક્ષીશું | ૭૧ |
| ૫૧ | પારિજાતનાં ફૂલ | ૭૨ |
| ૫૨ | સાજન શું કરું | ૭૩ |
| ૫૩ | સાથી બની | ૭૪ |
| ૫૪ | ઊગતો સૂરજ | ૭૫ |
| ૫૫ | ખૂબ ગમશે | ૭૬ |
| ૫૬ | ક્યારે મળીએ | ૭૭ |
| ૫૭ | કહો | ૭૮ |
| ૫૮ | શમણમાં | ૭૯ |
| ૫૯ | પાગલ | ૮૦ |

# ૧. રોમાંસ છે.

રાત છે. સહ્વાસ છે, રોમાંસ છે.
મૌન છે, પમરાટ છે, રોમાંસ છે.

બંધ દ્વારો ટેરવે ખૂલી ગયાં.
શ્વાસ છે, ભીનાશ છે, રોમાંસ છે.

ઢીંગલા ને ઢીંગલીની આ રમત.
યૌવના છે, શરમાળ છે, રોમાંસ છે.

ચાલ સંભવ ચારફેરા સાથમાં.
હાર છે, ગુલઝાર છે, રોમાંસ છે.

રેત દરિયે સરકતી જિંદગી.
હેઠવાસ છે, સહ્વાસ છે, રોમાંસ છે.



# ૨. છોડી દીધા

લીખતંગ પત્રમાં પણ મેં લખી દીધા.
શબ્દને પોષ્ટ પણ મેં કરી દીધા.

સરનામા વિનાનું ઘર છું હું.
ઝાંઝવામાં બીજ પણ મેં રોપી દીધા.

મોલમાં ક્યાં કોઈ કચાશ છે.
નિંદામણ ક્યારનુંય કરી લીધું.

રીત ક્યાં છે? પ્રીતની ક્ષણોમાં.
તડપતા ચહેરા અંકિત કરી દીધા.

બસ હું પ્રેમ તરસ્યો માણસ છું.
ડુબકીએ શ્વાસ મેં છોડી દીધા.

# ૩. રેતમાં

નાવ આ ચાલી રહ્યું સાગર મધ્યમાં.
ઝાંઝવામાં ખેતી છે સહરાની રેતમાં.

પહેલા મિલનની રાત છે તારા પ્રેમમાં.
ધબકારે તરતાં રહ્યાં ઉરજની પ્રીતમાં.

રેતશીશીમાં સમય સરક્તો રહ્યો.
ગગનચુંબી વૃક્ષ છે સહરાની રેતમાં.

ખબર નથી આ તોફાન કેવું છે?
નાવમાં ફંગોળાતાં રહ્યાં દરિયાની પ્રીતમાં.

મોલ મોતી બની ચળકે ઝાકળ બની.
રાજહંસ ચારો ચરે સહરાની રેતમાં.



# ૪. આકળ વિકળ

હસો તમે ના મને કાંઈ થાય છે.
ક્સમ તમને મારા મને કાંઈ થાય છે.

કહું? બંધ કરો નખરા ચાળા.
સહેવાય ના હવે વળગણ કાંઈ થાય છે.

પાસ આવો તો ક્હું દૂર રહી ના હસો.
હોઠ હવે તડપે ને ટેરવે કંઈ થાય છે.

મિલન પળ આવી દૂર ક્ષિતિજે જુઓ.
એવું એવું દિલમાં કાંઈ થાય છે.

આમ શું જોયા કરો? સમય વહી રહ્યો.
કાંઈક તો ક્હો આકળવિકળ થાય છે.

# ૫. પીવું હું

જરાક પીવું હું તને ખૂબ ચઢી જાય તું.
હોઠથી પીવું હું તને રોમ રોમ પ્રસરી જાય તું.

પીધી નથી જરાય તને જોતાં જ બેહોશ બનું.
પુંછું તને ધરાઈને કયમ કરી પીવું હું?

નજરથી પીવું હું કે બંધ આંખોએ પીવું હું?
સંતોષ થાયે ત્યાં સુધી વારેવારે પીવું હું?

સ્પર્શનો વિચાર કરું ને ધ્રુજી ઊઠું હું.
તું શરાબ નથી સબાબ છે છતાં પીવું હું.

છે તું અજનબી જગમાં બેમીસાલ છે.
શાકી તારા ઈશ્કને મયખાને પીવું હું.



# ૬. ખુલ્લે આમ થાય છે

અહિં સીતાનાં રોજ હરણ થાય છે.
રામ બની રાવણ મસ્તીથી પૂંજાય છે.

ક્યાં ખબર કોઈને રામ સીતાને ત્યજશે.
ખુદ બે શર્મ બની સીતા સળગાવાય છે.

રામ તારું રામાયણ મનોરંજન બન્યું.
'કી' ક્લબમાં મસ્તીથી જામ છલકાય છે.

જોવા લોક ટોળેવળે વસ્ત્રહીન દ્રોપદી.
થોકબંધ દ્રોપદી વસ્રહીન થાય છે.

છે નજર સહુંની અહીં નગ્નતા જોવા વિશે.
શેરીએ નગરમાં ખૂદ નગ્ન થાય છે.

## ૭. કોમળ

હું કોમળ, કોમળ, ફૂલોથી હું કોમળ.
કોમળ સ્પર્શે ખીલી ઊઠું હું કોમળ.

તોડશો ના મને હું હજુ છું કોમળ.
પાંદડીએ પરાગ પ્રસારતી હું કોમળ.

હવાઓની સંગ રમું હું કોમળ.
શ્વાસોમાં સુગંધ ભરું હું કોમળ.

સીતા કે પરાગ ઊંચકો હું કોમળ.
ખીલતી મધુર કળી હું કોમળ.

મલપાનલની સંગ રમું હું કોમળ.
એવી છું હું રગરગ ભરી કોમળ.



## ૮. દોરા ધાગા કરું છું

હજુ જિંદગીમાં બાદબાકી કરું છું.
મળે ના જવાબ તો ભાગાકાર કરું છું.

વધે શેષ બાકી તો જવાબ ગણું છું.
મનોમન સમજીને બાંધછોડ કરું છું.

સમાંતર આડી રેખા છે હથેલીમાં.
દઈ હાથતાળી ભાગ્યરેખા કરું છું.

રાહુ ને કેતું, મંગળ, શનિ પડ્યો છે.
બધાને હું વારે વારે નડું છું.

રહી વ્યર્થ નિષ્કામ નંગો પહેરી.
૨૧ મી સદીમાં દોરા-ધાગા કરું છું.

# ૯. તરતા રહ્યા

મેં સજાવ્યાં ફૂલ ને કાંટા તે સ્પર્શી ગયાં.
ડંખ આ દિલમાં એવા ડસી ગયા.

ગર્મ હવા લૂઝરતી શ્વાસમાં ધબકે.
વસંતના વરવા પવન મને ઝંખી ગયા.

ડૂબકી મોતી કાજે મારી મધ દરિયે.
છીપલાં ખાલી મળ્યાં ને તરસી ગયા.

કોને ખબર ક્યારે જિંદગી કરવટ બદલે.
બંધ મુઠ્ઠી ખોલતાં હાથ ખાલી રહ્યા.

એ જ છે સાર આ જિંદગીનો
હલેશાં વિના તૂટેલ સઢે તરતા રહ્યા.



# ૧૦. સંહાર વિના ન થાય

ધનુષ્યનો ટંકાર પીઠબળ વિના ન થાય.
શબ્દનો રણકાર ભીમબળ વિના ન થાય.

કૃષ્ણને પૂછો શું કરવું અમારે?
મિત્ર જો સાથ ન હોય યુધ્ધ ક્યારે ના થાય.

વિજયને માણવા વ્હેંચો સુખાકારી.
શબ્દનો ઉપયોગ સંયમ વિના ન થાય.

ભીમ જેમ હસતા રહો મુશ્કેલીમાં સદા.
ટંકાર કાંઈ ગાંડિવનો પડકાર વિના ન થાય.

શક્યતા દુશ્મનીની લોહીમાં હોય છે.
સિધ્ધિ કંઈ દુશ્મનીના સંહાર વિના ન થાય.

# ૧૧. સાથમાં હોય છે

બલરામ સદા કૃષ્ણની સાથમાં હોય છે.
દુ:ખીને અપનાવવા સ્નેહની બાથમાં હોય છે.

કષ્ટને અપનાવવા શુભદાયક સદા બનો.
દુ:ખમાં આનંદ અર્જુનની સાથમાં હોય છે.

કૃષ્ણ જેમ કર્મનું ડગ એક જરા ભરો.
નિરાધાર વણઝાર ગરીબની સાથમાં હોય છે.

હોય ભલે સમૃધ્ધિ વિજયની આશના રાખો.
શક્યતા કર્મયોગની સાથમાં હોય છે.

સ્વાર્થને ઉપભોગના જૂના ખ્યાલો છોડો.
ભગવાન પણ મિત્રની સાથમાં હોય છે.



# ૧૨. યુધિષ્ઠિર બની તમે

પણ છ ચઢાવો ગાંડિવની અર્જુન બની તમે.
આદેશ પામી મિત્રનો ગંભીર બની તમે.

સમર્થ ભલે હો ઘણા મિત્રને પૂછો.
પામો સતત વિજય રણવીર બની તમે.

વિડંબના ખંડિત કરો ભીમ બળ બની તમે.
રહો સદા સંગ કનિષ્ઠ બની તમે.

રહે ના મતભેદ મનભેદ ના રાહે.
યુધ્ધને જીતવા સંગીન રહો તમે

સત્તા, સિધ્ધિ અને પ્રતિષ્ઠા પામો.
છોડો યશની વાત યુધિષ્ઠિર બની તમે.

# ૧૩. નિષ્ફળ કરવાં જોઈએ

નકુળ બનીને મસ્તીથી રહેવું જોઈએ.
સહદેવ જેમ જ્ઞાનીએ અજ્ઞાન રહેવું જોઈએ.

ભીમને અર્જુન જેમ વળગી રહો તમે.
દટાઈને કર્મમાં યશથી રહેવું જોઈએ.

ભાઈઓને સંયમથી ભર્યા ભાર્યા રાખો.
દ્રૌપદી જેમ સર્વને એકત્ર કરવા જોઈએ.

ભૂલો ભલે થાય સુધારો પરસ્પર.
યુધ્ધ મોરચે સદા જાગૃત રહેવું જોઈએ.

છે શકુનિ હંમેશ જૂગટુંના શોખીન.
દાવમાં સોગટાં નિષ્ફળ કરવાં જોઈએ.



# ૧૪. જીતવું જોઈએ

આ યુગમાં મિત્રને ભગવાન ગણવો જોઈએ.
પાંડવ જેમ અન્યોન્યને વળગી રહેવું જોઈએ.

ધર્મ એ જ જ્યેષ્ઠ છે કર્મ તણું જ બળ.
ભીમ જેમ યશ વિના કર્મ કરવું જોઈએ.

માન અને સંપત્તિ કનિષ્ઠ ભાવે ભોગવો.
સંસારમાં અર્જુન બની લડવું જોઈએ.

સહદેવ અને નકુળ જ્ઞાન, ઉપભોગનું પ્રતીક છે.
કમળ જેમ ભિન્ન પાંદડીએ સુંદર રહેવું જોઈએ.

દોસ્તો! જરા વિચારો કર્મયોગના સિધ્ધાંતને
ભાઈ ભલે હોય પાંચ મહાભારત જીતવું જોઈએ.

## ૧૫. અર્પીને ગયા

પાંડવ હતા પાંચ સ્નેહભાવે રહ્યા.
સમર્પણ ભાવે બધુ ત્યાગી ગયા.

કૃષ્ણના આદેશથી અન્યાયે ચઢ્યા.
આ દેશને પરિક્ષિતને સોંપીને ગયા.

હરફ પણ બોલ્યા નહિં પાંચે ભ્રાત.
તાકાત, વિજ્ય, જ્ઞાન, ઉપભોગ અર્પી ગયા.

જીવવા સંસારમાં પાંડવ તમે બનો.
છે સમર્થ ભિન્ન છતાં પરસ્પર રહી ગયા.

પામ્યા છતાં ત્યાગ્યું તેમણે સર્વસ્વ.
સંસારને નવ પ્રબોધ અર્પી ગયા.



## ૧૬. કૃષ્ણ !!!

કન્યાકુમારીએ મને બાળજો કૃષ્ણ!
હરદ્વારમાં રાખ પધરાવજો કૃષ્ણ!

દાન સુવર્ણતણું ખૂબ કર્યું મેં
અન્નદાનીનો અવતાર આપજો કૃષ્ણ!!!

દાસીપૂત્ર હું લલાટે તિલક ના થયું.
દ્વિજ હસ્તે તિલક કરાવજો કૃષ્ણ!!!

પામવા તમને મિત્રદ્રોહી બનું હું કેમ?
અંત સમયે ઉધ્ધારવા આવજો કૃષ્ણ!!!

દોડતું દુર્યોધન લોહી નશોમાં મારી.
છોડ્યા પછી દેહ, અપનાવજો કૃષ્ણ!!!

# ૧૭. ઉધ્ધાર તારો છે.

સતત મારું સ્મરણ કર ઉધ્ધાર તારો છે.
આર્હનિશ કર્મ સમર્પણ કર ઉધ્ધાર તારો છે.

તું જીવ છે વસે છે શીવ બની તું.
કરી દે મનને નિર્મળ ઉધ્ધાર તારો છે.

ભાડૂતી ઘર છે આ ખાલી કરવું પડશે જ.
વસાવી લે તારું ઘર ઉધ્ધાર તારો છે.

ધર્મો બધા જ કર્તવ્યની રૂપરેખા છે.
કરી લે બંધ તારી આંખ ઉધ્ધાર તારો છે.

પહોંચી જા ઈંડાથી પીંગલા, કુંડલી પર
અરે! છેદી દે સહસ્ત્રાર ઉધ્ધાર તારો છે.



# ૧૮. મારી ગઝલ

પરોઢનું સમણું બની આવશે મારી ગઝલ.
ઘાઢ નિદ્રામાંથી જગાડશે મારી ગઝલ.

તું હશે કોઈની છતાં લાવશે મારી ગઝલ.
મધુર મીઠા મિલનને લાવશે મારી ગઝલ.

ખૂબ અમન ચમનમાં તું હોવા છતાં.
કોઈક દિલના ખૂણે ગુંઝશે મારી ગઝલ.

થોડોક ભાર દુઃખનો મને સહેવા દે.
જીવન સહારો તારો બનશે મારી ગઝલ.

ભર વસંતે પાનખર મને ડસે.
વિખરાતાં જીવનને સજાવશે મારી ગઝલ.

## ૧૯. પૃથ્વી તરફ

ચાલ મન આ નગર છોડી દઈએ.
મળે જ્યાં તલભર હૂંફ જીવન જોડી દઈએ.

રૂંધાય છે શ્વાસ પ્રદૂષિત હવામાં હવે
બળતી આંખોમાં અમી છાંટી દઈએ.

રસ્તાઓ, મકાનોનું અડાબીડ જંગલ
ઘુરકતા ઘુવડોથી જીવ બચાવી લઈએ.

ઘુમે છે જીવતાં શબ બધે પેટ ભરવા.
મળે જો સાથ તમારો સહવાસ કરી લઈએ.

રચી ત્રીજી સૃષ્ટિ વિશ્વામિત્રોએ અહીં.
સૂરજને પૃથ્વી તરફ ધકેલી દઈએ.



## ૨૦. કહે છે.

તને કોઈ રામ કહે છે. રહેમાન કહે છે.
સમાધાન ના થાય મનનું તો કુરાન કહે છે.

પયગંબર પોટલું ભરી મોકલ્યા તમે.
કોઈ રામભૂમિ કહે છે, બાબરી મસ્જિદ કહે છે.

હવે એક રસ્તો છે તને પામવા માટે
ખોલીનાખ ધર્મના ભેદ કે કાફર કરે છે.

સમય છે કયાં તને પામવા માટે
હજું પણ તું વેવલું ગીતા જ્ઞાન કહે છે.

ચાલ જે હોય અદૃશ્ય રૂપે તું.
જીવવું થોડું ને ક્યાં ધર્મજ્ઞાન કહે છે.

# ૨૧. જિંદગીમાં

તારી કરું હું પૂજા, સદીઓથી જિંદગીમાં.
બીજી નહિં કોઈ ઈચ્છા સદીઓથી જિંદગીમાં.
એવા અમે દીવાના જલતા જ રહ્યા.

વારેવારે ખીલતા સદીઓથી જિંદગીમાં.
મીરાંના હોઠે મોહન રાધાની આંખે કા'ન.
એવાં નવલાં રૂપે સદીઓથી જિંદગીમાં.

આશા મને છે એવી સદીઓથી જિંદગીમાં.
આજે નહિં તો કાલે આવશે જિંદગીમાં.
જાહેર નહિં તો ખાનગી સદીઓથી જિંદગીમાં.



# ૨૨. ધબકતા રહ્યા

અમે રહ્યા ઘેલા છતાં તારા રહ્યા.
ચાહવાના ક્યાં મને અભખળા રહ્યા.

વેદના સંવેદના ખોઈ જ બેઠો હું.
તે છતાં રાહ જોતાં ઊભા રહ્યા.

મને હવે ના તને પામવાની તડપ.
પાનખરનાં પર્ણ બની ખરતા રહ્યા.

એક લ્હેરાતી આવશે જરૂર વસંત
એટલે જ શ્વાસોને અમે ગણતા રહ્યા.

છે હવે 'ઉપહાર' આ શ્વાસોનું મિલન.
ખોલ બારી તારી હવે ધબકતા રહ્યા.

# ૨૩. હિંમત નથી

કેમ છો ક્હેવાની હિમ્મિંત નથી મુંજમાં
પરોવી નયનમાં નયન હિમ્મિંત નથી મુંજમાં

રસ્તા એક છે મારા તમારા અહીં
તમને ચાહવાની હિમ્મિંત નથી મુંજમાં.

ચાલ સનમ આગળ હવે હું તુજ પાછળ.
દૂર દુર્ગમ જોવાની હિમ્મિંત નથી મુંજમાં.

જતાં દૂર જોઈ જ હું બેહોશ બનું.
તમારી ઝાંખી પણ કરવાની હિમ્મિંત નથી મુંજમાં.

આ હાલ બેહાલ છે મારા તમારા પ્રણયમાં.
પૂરા શ્વાસ પણ લેવાની હિમ્મિંત નથી મુંજમાં.



# ૨૪. તું હોય છે

કરું બંધ આંખ ને તું હોય છે.
ખોલું જ્યાં આંખ ને તું હોય છે.

તું શ્વાસ, વિશ્વાસ ને નસોનું લોહી.
અરે! રોમ રોમમાં તું હોય છે.

લાગ્યો છે રોગ મને પ્રેમ જ્વરનો.
શરીરની ઉષ્મામાં તું જ હોય છે.

બેસતાં, ઊઠતાં, સૂતાં જાગતાં તમે.
મળું જો કોઈને નયનમાં તું હોય છે.

કરી કોશિશ નફરત કરવાની તમને.
અરે! ધિક્કારમાં પણ તું જ હોય છે.

# ૨૫. શું કરું?

તમારા પ્રેમમાં પાગલ બન્યો શું કરું?
રાત-દિવસ સતત સળગી રહ્યો શું કરું?

દિવસે બાહ્વરો શોધું, રાતે રડતો રહું.
તમારી યાદમાં અંધ બન્યો શું કરું?

ક્હાની કોની કહું મારા જખ્મોની સનમ.
તમારી માંગણી કેમ કરું? શું કરું?

સફર જિંદગીની કેમ કાપીશ વિરહમાં?
ખુદકોશી કેમ કરું? શું કરું?

ભલે હો જેવાં કે તેવાં ગમશો જ મને.
ચાહું ઉમ્રભર તમને અરે! શું કરું?



# ૨૬. મારી સાંચ્

ડોબાંન્ શેઢથી હાચ્ મારી સાંચ્
ડોબાંન્ શેઢથી હાચ્.
રોટલા ન હોય તો મારા ભાના ખાન્,
ડોબાંન્ શેઢથી હાચ્.
ગોરસની છાંયે, બોયડીના ઝાટ્થી હાચન્ ડોબાંન્
ગોચરન્ ચાંક્થી હોધી કાઢ્, મારી સાંચ્
... ડોબાંન્ શેઢથી હાચ્... ડોબાંન્

માદેવ્યે જાન્, કૂતરીયે જાન્,
જાન્ ઓલા બીલીવાર્
... ડોબાંન્ શેઢથી હાચ્ મારી સાંચ્

દેવલીન્ ડુંડથી ધાંડ્ મારી સાંચ્
ઓલ્યા હાહલાન્ હાકોટો માર્

મક્કઈના છોડવાથી હાચન્ ઓલાન્
જોન્ ગટ્ટુર ગટ્ટુર બોલ મારી સાંચ્
... ડોબાંન્ શેઢથી હાચ્ મારી સાંચ્
કાળ્ ઉનાળ્ ચાં હાંય ખેંહલું
વગડો લાગ્ ભૂરિયો પાડો.
ઉભી વાટ્ ઊભો ઊભો કોહ્યો જોન્
સિટ્યો વગાડ્ સિટ્યુક સિટ્યુક મારી સાંચ્
... ડોબાંન્ શેઢથી હાચ્ મારી સાંચ્

ઘુંટણે કૈડ્યા જુવા જોન્
સાત્યે વળજી જળો,
રોયા શેઠ્યાન્ હાંમથી ધાંડ મારી સાંચ્
... ડોબાંન્ શેઢથી હાચ્ મારી સાંચ્



# ૨૭. સેતર્

ઓલ્યું આથમણી ગમનું સેતર્
ઈ તો ફૂલફટાક ફુવેતર્
ઈમાં મલકશ મલક્મલક વાવેતર્
ઈ તો પિયુ ન્ મીં પરણેતર
... ઓલ્યું આથમણી ગમનું સેતર્
ઓલ્યા છોડવાન્ જઉંમીં વારી
ઈનાં પિઠ્ઠી ચૌર ફલડાં ઓવારી
ઈનાં ધબકશ ધબક દલડાં
મીં..તો પાંણી પાયાં જાત્યું ગાળી
... ઓલ્યું આથમણી ગમનું સેતર્
ઓલ્યા ચમ્નુશ્ ચમ્નુશ્ ચાહાંન્ ચમ્નુશ્
ચમ્નુંશ્ ચમ્નુંશ્ પારીયાન્ ચમ્નુંશ્
ઓલ્યા ચમ્નુંશ્ ચમ્નુંશ્ સોડવાંન્
... ઓલ્યું આથમણી ગમનું સેતર્
જોઈશી ખાતર ક્ જોઈશી પાંણી
આયો સોડવાંન્ ફાટ ફાટું નેંગાલ્
... ઓલ્યું આથમણી ગમનું સેતર્

# ૨૮. વિંછવો કૈડો

મુંજરા દિવાન્ પછવાડ્;
માઝમ્ રાતના અંધાર્,
રોયો!! અંગુઠયે કૈડયોન્
હળવ હળવ ઈ ચડયોન્
ઊંઈ મા! ઊંઈ રે! મુંન્ વિછંવો કૈડો!
મુંન વિછંવો કૈડો રે!... ઊંઈ મા ઊંઈ રે!...

હાય મા! ઊંઈ રે!...
પિટયા વાલમ્ન્ બોલાવાં,
કાંક મંતર ભણાવાં
ઈતો નરીયે અડીયોન્
ઈતો સાથલિયે ચડીયોન્
મુંન વિછંવો કૈડો રે!... ઊંઈ મા ઊંઈ રે!...



મુંન ઝમાક ઝમઝમ થાયશી,
ઈ ઝમકાર જીવડો જાયશી,
આંખ અંધારાં અભડાયાં.
મુંન વિછંવો કૈડો રે!... ઊંઈ મા ઊંઈ રે!...

મુંન્ ઝાંઝવાં પીવડાવાં,મુંન્ રુદયે લાગી લાયો,
મુંન્ છાત્યે કાંક કાંક થયશ્
મુંન વિછંવો કૈડો રે!... ઊંઈ મા ઊંઈ રે!...

# ૨૯. આંખ્યુંમાં પાંણીસ્

અજ્જુ તારી આંખ્યુંમાં પાંણીસ્
ઈમ્ આંહુ મૂતરાવ્ કાંય હેંડશે?
ઊઠ્ઠી જા જીવલા રોયા,
કેંડ્યું બાંધી દે જરા,
આંમ રોદણાં રોયે કાંય હેંડશે.
... અજ્જુ તારી આંખ્યુંમાં પાંણીસ્...

રાતી, મધરાતી, આડા, ઊભા દન્,
પરાંણાં જેમ જીવ્યાની ટેવસી,
કોયની વાત્યુંન્, માંની ના જજરી,
ઈતો થનથનાગે તારો જીવશ્
... અજ્જુ તારી આંખ્યુંમાં પાંણીસ્...

માંરેલા આંબાની કેરયું કૂણ ખાય,
ભલા બાજરો કોઠયે કર્ લે’રશ્



ઊક્કો અડબડ્યો ગડ્ગડવા મથતો
પરહાળે લાંબી નેં’રશ્
... અજ્જુ તારી આંખ્યુંમાં પાંણીસ્...

ચાંરીના ચાર ફેરા ફર્યાં તાંય હું,
દૂધવાળીયું ટાબ્બરીયું માં સ્,
વગડો આખ્ખો ખૂંદીવળી મીં
કાંય દાદી-ભાભીનો નેહસ્
... અજ્જુ તારી આંખ્યુંમાં પાંણીસ્...

અલ્લક મલ્લક્ની ખાટ્ટી મીઠ્ઠી વાત્યું,
ઈ તો ભાંયમાં ભંડારેલી વાત્યુંસ્,
દશ્યું વિશ્યું ગંડેરી બૌ થૈ,
દુણ્ણીન્ વાંહન્ આંહસ્
... અજ્જુ તારી આંખ્યુંમાં પાંણીસ્...

# ૩૦. લોધ્ધડીયું ગાડું

ચાં ધરો ચાં ધૂહરી ચાલે ટચરું ગાડું,
પાંધરું ચાં હેંજસ્ આ લોધ્ધડીયું ગાડું.
ઊંચું નેંચું ઢોઢું રેલ્લું, ચાં કાહરી કીધી.
ધુંહર ધણી હડુક દડુક બખડજંતરીયું ગાડું.
... ચાં ધરો ચાં ધૂહરી...

જીવલી બૈની ઢીલી નાડી ઊંચું ઉધડું ગાડું,
ગામન્ પાદર હાહલાં તેતરાં દોડ્ ગાડું.
... ચાં ધરો ચાં ધૂહરી...

પોટલું સોખા, પોટલું બાજરો, ઘાંહડી ઢુંઢાં મસ્,
બળતા દાડ્ ઓહમ્યું, આ રગશિયું ગાડું.
... ચાં ધરો ચાં ધૂહરી...

તૂટી નાથે ખોખરા ઘુંઘરા, ઘુવડ રાડ્યું પાડ્,
મારગ્ આડ્ ખોરંભાયું આ લોધ્ધડીયું ગાડું.
... ચાં ધરો ચાં ધૂહરી...



# ૩૧. કારેલી રે!

વાડે વળજી કારેલીને કારેલીન્ આયાં ફૂલ,
કે લઈશું કારેલાં રે!....(૨)

સાયબો મારો મૂછાળોને, એન્ ભાવે ખૂબ.
કે લઈશું કારેલાં રે!....(૨)

મેઘો વરસ્ માઝમ રાત્ન્, કારેલીનાં હસતાં ફૂલ,
કે રમતાં કારેલાં રે!....(૨)

અષાઢી વાદળ ધણધણે ને ઝબૂક વીજળી થાય.
કે ધ્રુજતી કારેલી રે!....(૨)

પરોઢ ફૂટે ને ગગન રાતું
કે સાહ્યબાની રાતી આંખ્

કે લીલાંછમ્ કારેલાં રે!....(૨)
સાહ્યબો સંચર્યો સાત સાગર રે!

કે ટાઢી પાછલી રાત.
કે ફુંગરી કારેલી રે!....(૨)

# ૩૨. આંબો માંહર્યો.

સેતર્ વચી આંબો માંહર્યો, દલની વચીતું,
આંબો માંરી કેરયું પાચી, કોયલ ટઉચી મું.
મારી માડ્યે માંગાં મેલ્યાં, નદીયે નાઠી મું.
ઉપરવાટ્ રાડ્યું પાડી, ઘોડી આવ્યો તું.
...સેતર વચી...
ચોર ચૌટ વાત્યું હેંડી, પૈઠણ માંગ તું.
મારી માડ્યે જાત્યું વેસી, તાંય નપૈણી મું.
...સેતર વચી...
ગાંમ પાદર પાળિયો બન્યો, પાળિયો પુંજુ મું.
તારી આંહણ વિજોગ ન દા'ડ, બરી મુંઈ મું
...સેતર વચી...
ગાંમન્ માંહણ્ મારો ચોરો, ગામની પાદર તું.
સબુતરાંનો સારો ચરવા, આવી પૂંગ્યો તું.
...સેતર વચી...
ઘરની માંણ્ દિવો બળ્, દલમાં બળતું.
ગાંમની દેરયે જી ના દિવા, કોડ્યાં બન્યાં તું.
...સેતર વચી આંબો માંહર્યો, દલની વચી તું.



# ૩૩. ચ્યમ્ ચ્યમ્ થાય

અલ્યા! તું ન્ જોઈન્ મું ન્ ચ્યમ્ ચ્યમ્ થાય.
અલ્યા!! તું ન્ જોઈન્ મું ન્ ચ્યમ્ ચ્યમ્ થાય.
પરોઢનો પો'હ ફૂટ્યે દોડી દોડી જાઉં.
ઓલ્યાં પારેવાં ઊડી ઊડી જાય...
...અલ્યા! તુંન્ જોઈન્...

રાતોની રાત્યું મી પાહોં ઘહાંતાં મીં
પોહ્ પોહ્ આંહુંએ નિંદરયું વેરણ થાય.
...અલ્યા! તુંન્ જોઈન્...

ઓલ્યા પનઘટની વાટ્ટે, ઓલી નદીયુંની આરે.
મું તો આંખ્યું ઉલાળી ઉલાળી થાચી.
હૈયુંની વાત્યું અલ્યા માર્ કે'વી'તી ગણી
ઓલ્યું મનખ તો તાચી તાચી જાય.
...અલ્યા! તુંન્ જોઈન્...

અવેં જોયો જો તું ને વળજી પડીશ મું..
શાં ન્ થવાનું હાંય ઈ થાય.
...અલ્યા! તુંન્ જોઈન્ મન્ ચ્યમ્ ચ્યમ્ થાય.



# ૩૪. મેળામાં સીયો

અલી! મેળામાં સીયો પાવો વગાડન્
સાતીના બંધ મારા તૂટી તૂટી જાય...
અરે! હાં,...હાં....હાં..હાં..હાં રે !!!...
અલી! મેળામાં સીયો ! .... ટેક.

અલી! પાવાના પોલાં પર આંગળાં નચાવન્,
કેંડોના મંકોડા મારા લચક લચક થાય.
અલી! મેળામાં સીયો ! ....

નદીઓમાં પૂર ઓલ્યાં હાંમે વૈ જાય,
અલ્યા! પાવો વગાડતાં તન્ હું હું થાય.
અલી! મેળામાં સીયો ! ....

પાવાનો સૂર હ્ન્ નદીઓમાં પૂર હ્...
અલ્યા! સેતરાંની બાજરી હાંમ્ મલક્ મલક્ થાય.
અલી! મેળામાં સીયો ! ....
કાડકો થીયોન્ સાવણ ઝરીયો,
અલ્યા! લૂગડાં મારાં લથબદ થાય.
અલી! મેળામાં સીયો ! ....

લૂંગડાં હ્ ભેંનાં ન્ મનડાં હ્ ભેંનાં,
અલ્યા! ભેંની બની જોન્ પ્રીત્.
અલી! મેળામાં સીયો ! ....

પૂનમનો ચાંદ બની સમદર ઊછાળ.
અલ્યા! રંગના સાંટાન્ કૂંડાં બનાવના
અલી! મેળામાં સીયો ! ....

ધરતીનો સેઢોન્ પ્રીત્યુંનો ચેડો,
અલ્યા! ક્ષિતિજની વાત્યું સાંસેડના
અલી! મેળામાં સીયો ! ....

પાવામાં કાંય હ્ ન્ આંસોમાં કાંય હ્,
અલ્યા! આછી બાજરીન્ ખેંહલું હ.
અલી! મેળામાં સીયો ! ....

આંસોમાં આંહું ન પોલામાં પરાણન્
અલ્યા! પરોવી પરોવી આયખુ ગુમાવ ના
અલી! મેળામાં સીયો ! ....



# ૩૫. ખણબાટું

ઐયાં બેંઠાં બેંઠાં નખરાં કરાં શાં પણ,
ઘરમાં આંવાં તો.... ખણબાટું!

હૈયુંની વાત્યું ઓલ્યાં સૈયરીયુંન્ કરાંશાં પણ
કચકચાવીન્ એવાં તો ખણ બાટું!
...ઐયાં બેંઠાં બેંઠાં... નખરાં...

ઓલ્યું બદનના ઘાટ ઓલ્યાં ગાલ્યુંના ઢાળ,
તારી કેંડ્યુંના નાચ હુંહરા કાઢું.
...ઐયાં બેંઠાં બેંઠાં... નખરાં...

મારા હૈયુંન્ મીં લાંઘર્યું સામદરિયે,
ઓલ્યા! સૂરજની સાખે, ઓલ્યા તારલાને તાકે.
...ઐયાં બેંઠાં બેંઠાં... નખરાં...

હૈયુંની હેલ્યુંને સમદરમાં ડબોડાં,
ઓલ્યા! સમદરના પાળ તમે જાંણાં.
...ઐયાં બેંઠાં બેંઠાં... નખરાં...

તારાથી હંતાવા મું સમદરે પાંચું, પાતાળે પાંચું.
ઓલ્યા આભ્યુંમાં આંહરી આંહરી જઉં.
...ઐયાં બેંઠાં બેંઠાં... નખરાં...

તાંયે બળી મીં આંસ્યું ખોલી તો વાત્યું કરતી ભાળું.
ઓલ્યા! ધરતીને શેઢે, આભલાની ટોચે.
હાહુંવારી તુંન્, ચ્યમ્ હમજાવું.
...ઐયાં બેંઠાં બેંઠાં... નખરાં...



# ૩૬. રાધાનું નામ

મારા હૃદયુંમાં રાધાનું ધામ છે.
મારા હોઠો પર રાધાનું નામ છે.
આંખો હસે તો આવી વસંત જાણે.
નહીં તો યમુનાનાં ઘોડાપૂર છે.
.... મારા હૃદયુમાં રાધાનું ધામ છે.

અડવણીયા ડગલે ચાલું હું એટલે,
ઘુંટાયેલ શ્વાસો વાંસડીના સૂર છે.
.... મારા હૃદયુમાં રાધાનું ધામ છે.

રોમ રોમ મારો રાધાને ઝંખતો,
મારી આંખોમાં રાધાનું ઘેન છે.
.... મારા હૃદયુમાં રાધાનું ધામ છે.

કેમ કરી આવું હું ગોકુળિયું ગામ,
મારા પ્રાણોમાં આજ ફફડાટ છે.
.... મારા હૃદયુમાં રાધાનું ધામ છે.

# ૩૭. સ્નેહગીત

રાધાએ પૂંછ્યું કે કા'ન તારી આંખોમાં,
ઘેન કેમ આટલું ઘેરાણું.
મીરાંના વિષને ઘટક ઉતાર્યું ને,
પારધીના બાણે વિંધાણું-વિંધાણું.
...રાધાએ પૂંછ્યું કે...

કેમ તને ગોકુળિયું ગામ, વૃંદાવન ધામ,
કે રાધાનું નામ યાદ આવે.
મીઠા તે જળનું સોનેરી માછલું,
દ્વારકાના દરિયે પૂરાણું-પૂરાણું
...રાધાએ પૂંછ્યું કે...

રાધા, માધવ, આ નામ રૂપ જગનું,
સ્નેહને બંધન બંધાણું બંધાણું.
ગોકુળ મથુરા એ ભાવગુણ સ્નેહગુણ
મનભાવન કર્મે સંધાણું-સંધાણું
...રાધાએ પૂંછ્યું કે...



# ૩૮. ક્હાન તારી યાદમાં

ક્હાન તારી આંખમાં સમણું ઘેરાણું,
કે સિંદુરીયું રાજ મારી આંખમાં.
વલવલતી વેદના એટલી કણસતી,
કે છાનું રોયાનું તારી યાદમાં.
....ક્હાન તારી આંખમાં....

ભીના પાલવે ભીરું બનીને હું,
વનવન ભટક્યાનું તારી યાદમાં.
લીલાછમ મોલમાં મનડું ભરાણું,
ને પીળું પાનેતર તારી યાદમાં.
....ક્હાન તારી આંખમાં....

વાંસડીના સૂર જાણે પ્રેમનો પોહ્ ફૂટ્યો,
ફરફરિયું રાજ તારી યાદમાં.
જીવ્યા મર્યાનું જાણે ઠીક મારા વાલમા,
કે ઘેલું ગાયાનું તારી યાદમાં.
સૂનીસટ આંખોમાં વગડો વેરાન બન્યો,
લાજ શરમ નેવે મૂક્યાનું તારી યાદમાં.
....ક્હાન તારી આંખમાં....

# ૩૯. કહાન સતાવે

મને વનડામાં કહાન બહું સતાવે
વગડાની વાટમાં સ્નેહી સંબંધી વચ્ચે
હોઠ કરડી, આંખ્યું કેવી ઉલાળે
.... મને વનડામાં ક્હાન....

એકલી ભાળીને રોયો ક્યાંયથી આવે
હળવેથી હોઠ ચૂમી ભાગે
યમુનાના પાણીમાં ન્હાવા પડીએ ત્યારે
કપડાં ચોરી કદમ પર ચઢે
.... મને વનડામાં ક્હાન....

કાલાં વ્હાલાં મારાં કામ ના આવે
વાત તો નફ્ફટ જેવી કરે
લાજ શરમ એણે નેવે મૂકયાં છે
બ્હાનાં કાઢી ઘરમાં એ આવે
.... મને વનડામાં ક્હાન....



માતા યશોદાને અકળાઈને કહું ત્યારે
અબોલા જન્મના લઈ આવે
કોને કહું મારા દલડાની વાતો
એ તો મીઠ્ઠો મધ જેવો લાગે
.... મને વનડામાં ક્હાન....

મનથી ભૂલવા રાત-દી કામ કરું
કામમાં પણ કહાન્ પ્યારો આવે
ચાલ્યો જઈશ ના એકલી મૂકીને મને
મારો રોમ રોમ તું ને પૂકારે
.... મને વનડામાં ક્હાન....

ભલે મળ્યો ના આ જન્મ તું તો
દીલથી મળેલ ને કોણ ભાળે
.... મને વનડામાં ક્હાન....

# ૪૦. જરા આવી જા!

આવી જા આવી જા તું..તું જરા આવી જા.
છાઈ જા છાઈ જા તું..તું જરા છાઈ જા.
... આવીજા આવીજા તું..તું

રૂપાડાં ઝાંઝરનાં ઝણકારે ભરી દે.
અંધારાં ઓરડામાં નિરાશ સુતેલાને
અણું એ અણુંમાં પ્રગટાવી જા... આવીજા
... આવીજા આવીજા તું..તું

સાંસારનો પથ વિકટ ઘણો છે.
પ્રશ્નોના પિંજરમાં કેવો પૂરાયો છે.
પાપીને પૂણ્યના માર્ગે તું વાળીજા... આવીજા
... આવીજા આવીજા તું..તું

પ્રણયની યાદોમાં બળી રહ્યો છું
વ્યથા ઉત્પાતોને સર્જી રહ્યો છું
સમર્પણના દીપકને પ્રગટાવીજા... આવીજા
... આવીજા આવીજા તું..તું



# ૪૧. આંખ ખોલું ને

આંખ ખોલું ને પ્હાડો ઊભા.
આંખ ખોલું ત્યાં દરિયા સાત.
સત્ નો મારગ ધાર જેવો ને.
જુઠ્ઠ નો મારગ ચોપાસ.
.... આંખ ખોલું ને પ્હાડો ઊભા.

ઝાંખરાં ઓથે ડુંગર ઊભા,
ઝરણાં દડબડ દોડે,
મન તો મારું આકળવિકળ
તારી યાદમાં ઝૂરે, તારી યાદમાં ઝૂરે
.... આંખ ખોલું ને પ્હાડો ઊભા.

વાડયું ઓથે વેલ ચઢે ને,
અરણી વિંધે પ્રાણ.
ખોળીયું મારું ખાલી ખાલી,
તા'રા વિના ઝૂરે
.... આંખ ખોલું ને પ્હાડો ઊભા.

# ૪૨. મેહુલો વરસે

ચૂડી છણકે, ઝાંઝર ઝણકે, મન મોરલો ઘહેંકે,
સાવ અજાણ્યા મલકે ગર્જી ઝરમર મેહુલો વરસે.
... ચૂડી છણકે, ઝાંઝર ઝણકે...

વસંત ખીલીને આવ્યાં પુષ્પો, રંગબેરંગી ન્યારાં,
પ્રિયા તારા કેશ ક્લાપે મોગરો કેવો મ્હેંકે.
... ચૂડી છણકે, ઝાંઝર ઝણકે...

તરલ તીખાં વ્હેતાં ઝરણાં, મુંગાં ઝાંઝર ઝણકે,
એક શ્વાસને ઉચાટે તો ઉગતી સારી વસ્તી.
... ચૂડી છણકે, ઝાંઝર ઝણકે...

મૌન આ પ્હાડોના પથ્થર મને કૈંક કૈંક ક્હેતા,
કોઈક પ્રેમીની ચરણ રજે ભાગ્ય અમારાં ફળતાં.
... ચૂડી છણકે, ઝાંઝર ઝણકે...



# ૪૩. આવ તું

સાખલીયે બેસીને મૈયરી મોરલા,
સાદ મને આજ પાડ તું.
ચોખીએ ચીતરેલાં સિંદુરીયાં સમણાં,
સાજનને આજ બોલાવતું - બોલાવતું.
....સાખલીયે બેસીને મૈયરી મોરલા....

પનિહારી માથે માંજેલી હેલ્યું લઈ,
લાખ લાખ સૂરજે વધાવ તું - વધાવ તું.
મીઠ્ઠી મધ નણદીની ટીખળી ભરી વાત લઈ,
સાજનીયા આજ હવે આવ તું - આવ તું.
....સાખલીયે બેસીને મૈયરી મોરલા....

સૂરજમાં દર્પણ ને દર્પણમાં હું હવે,
ભાતીગળ ચૂંદડી ઓઢાડ તું - ઓઢાડ તું.
મૈયરની વાટમાં કંકુ છાંટીને,

માડી જાયાને હવે બોલાવ તું - બોલાવતું
....સાખલીયે બેસીને મૈયરી મોરલા....

ચોખલીયા ભરથાર હવે આવ તું - આવ તું.
મને અંતરની હેલ્યુંમાં ડુબાડ તું - ડુબાડ તું.
....સાખલીયે બેસીને મૈયરી મોરલા....



# ૪૪. મહિયર ગામ

ભલું રૂડું મહિયર ગામ.
વડલા, લીમડે પાદરભર્યું રે.!
... ભલું રૂડું મહિયર ગામ.

બાવળ, બોરડી રાયણનાં રાજ.
નદી, કોતર, હર્યા ભર્યા રે!...
... ભલું રૂડું મહિયર ગામ.

આંબા આંબલીનાં ઠેર ઠેર ઠામ.
મન મારું હરખ ભર્યું રે!....
... ભલું રૂડું મહિયર ગામ.

શેઢે શોભે અરડુસા, અણીયાર.
સહિયર મારાં મલક મલકે રે!...
... ભલું રૂડું મહિયર ગામ.

માડી મારાં અમને તેડાવ.
પકડ દાવ મારે માથે રે!....
... ભલું રૂડું મહિયર ગામ.
સહિયર મારી સાથે રે આવ.
આંબે ચઢી ગીતો ગાવાં રે!...
... ભલું રૂડું મહિયર ગામ.

કોયલ તારો સરવો રે સાદ,
મહિયર મારું ટહુકે ભર્યું રે!...
... ભલું રૂડું મહિયર ગામ.



## ૪૫. હીંચકો

હીંચકો બાંધ્યો આંબલીયા ડાળ,
કોયલ રાણી ટહૂકીયાં રે!... હીંચકો બાંધ્યો.
વાલીડા મારા વહેલો રે! આવ!
અષાઢી વાદળ ઉમટીયાં રે!
... હીંચકો...બાંધ્યો...

લૂમે ઝૂમે લીંબોડીની ડાળ.
સહિયર મારાં શરમ ભર્યા રે!!
... હીંચકો...બાંધ્યો...

પીપળે પહેરી પોપટી સાડી,
સારગવો ફુલેકે ચઢ્યો રે!
... હીંચકો...બાંધ્યો...

માડી મારાં માંગાં મોકલાવ.
ચણોઠીના ચોક પૂર્યા રે!..!
... હીંચકો...બાંધ્યો...

આવળ, બાવળ રૂડાં તારાં રૂપ.
નણંદ બા, નીરખવું આવ્યાં રે!
... હીંચકો...બાંધ્યો...

ઓતરાતી વીજળીઓ થાય.
આંબલી પીપળી અમે રમતાં રે!
... હીંચકો...બાંધ્યો...



# ૪૬. ગુલમોર રાજ

પીળા વાઘા પહેરો ગુલમોર રાજ
ઊનાળાનો ધોમ ધગે રે!
...પીળા વાઘા પ્હેરો...

ઊંચે મસ્તક જુઓ ગુલમોર રાજ.
વૈશાખી વાયરા લું ઝરતા રે!
...પીળા વાઘા પ્હેરો...

ઊભે મારગ છાંયો તારો રાજ.
શીળો પવન મંદ મંદ વહેતો રે.
...પીળા વાઘા પ્હેરો...

ઊજ્જડ મારગ તારો આશરો રાજ.
ભડવીર બની ઊભા રે'જો રે!
...પીળા વાઘા પ્હેરો...

મનડાં મારાં શાંત કરો રાજ.
માથે સૂરજ આગ વરસે રે!
...પીળા વાઘા પ્હેરો...

તમે મારા નોંધારાના આધાર.
મારગ આખો કેશરભર્યો રે!
...પીળા વાઘા પ્હેરો...

# ૪૭. વિરાટ જાગે રે!

જાગે વિરાટ આજ જાગે રે!
જાગે રે! જાગે રે! જાગે રે!
જાગે રે! જાગે રે! જાગે રે!
... જાગે વિરાટ આજ જાગે રે!...
જાગે અનંત જ્યોત!
જાગે અકળ જ્યોત!
જાગે ધરતીનાં બાળ.
જાગે ભૂખ્યાનાં રાજ
... જાગે વિરાટ આજ જાગે રે!...
જાગે જનનીનાં દૂધ.
ગાજે ધ્વલગીરી શૃંગ.
જાગે મહાવીર અનંત.
પ્રગટે મહાવીર અનંત.
... જાગે વિરાટ આજ જાગે રે!...
ગાજે સરયુંના ગાન,
ગાજે સવિતા નાદ.
ગાજે ધ્વલ શૃંગ.
... જાગે વિરાટ આજ જાગે રે!...



# ૪૮. શહીદી ગમે છે

સરિતાને સાગરનાં ગાન ગમે છે.
અમને આ દેશનાં અભિમાન ગમે છે.

શીખો મલયાનિલ વાયે છે અહીં.
અમને લ્હેરાતો તિરંગો ગમે છે.

સુખને વ્હેંત છેટું રહી જાય ભલે.
અમને ગુલાબ સાથે કંટક ગમે છે.

દફનાવો ના શહીદી ઊંચે ઊઠાવો.
આતંકને ડામતું અનુશાસન ગમે છે.

ઓગળી જાય ભલે ગોળી બની ગાંધી.
લોહીના બુંદ બુંદે શહીદી ગમે છે.

# ૪૯. તું ફરકે

ઓહ! સ્વતંત્રતા મારા દેશની,
શ્રાવણ ઝરમર તું વરસો.
વીર શિવાજી, પ્રતાપ, ભગતસિંહ,
અમર શહીદી લઈ તું ફરકે.
છે અગિયાર મહાવ્રત ગાંધીનાં,
ચાચા નહેરુના પંચશીલ સિધ્ધાંતો,
પુનિત ઝરણાં બની તું હરખે.
...ઓહ! સ્વતંત્રતા મારા દેશની...

ગરીબ વિશ્વના વિકાસ કાજે,
ક્રાંતિની મશાલ જલાવી,
દરિદ્રનારાયણ મંત્ર કાજે,
હરિયાળી બની તું ઘહેકે.
મરક મરક ફરકે.
...ઓહ! સ્વતંત્રતા મારા દેશની...



કમર કસી છે સેવા કાજે,
સેવાનો છે ભેખ અમારો,
એ જ છે ટેક અમારો,
ના કોઈ છે રોકટોક કરનારો.
...ઓહ! સ્વતંત્રતા મારા દેશની...

પવન વાયે આવે નારો,
છે કોઈ અહીં અલગારો.
મા નું રક્ષણ કરવાવાળો.
અહાલેક... જગાવવા વાળો
...ઓહ! સ્વતંત્રતા મારા દેશની...

# ૫૦. બક્ષીશું

આ દેશને અમે એવો મજબૂત બનાવીશું.
આઝાદીના રોપને લોહી સિંચીશું.

ખીલશે ફૂલો રંગીન ખુશબુદાર એવાં,
વિશ્વચમને એને ખૂબ મહેંકાવીશું.

પ્રેમને શાંતિતણું તેજ બક્ષીશું.
વિશ્વ બંધુત્વ તણું લોહી સિંચીશું

દોડશે જન હૃદયે અદ્‌ભૂત એક્તા એવી.
શબ્દ બળથી અમે ધ્વનિત કરીશું.

ચાહશું અંત્યજને અંત્યોદયે ધ્યેય.
ત્રીજા વિશ્વને અમે મજબૂત બનાવીશું.



# ૫૧. પારિજાતનાં ફૂલ

પારિજાતનાં ફૂલ, અમે પારિજાતનાં ફૂલ.
રાત પડે ને અમે ખીલતાં,
વરવી ફોરમ અમે દેતાં.
સવાર પડે ને અમે પથરાતાં,
ઝાકળ ભીનાં ફૂલ.
... અમે પારિજાતનાં ફૂલ... અમે પારિજાતનાં ફૂલ.

ધવલ કેશરી પંચ પાંદડીવાળાં.
નાજુક કેશરી દાંડીવાળાં,
કોમળ કોમળ ફૂલ... નાજુક કોમળ ફૂલ
... અમે પારિજાતનાં ફૂલ... અમે પારિજાતનાં ફૂલ.

રુકિમણીને રિઝાવા માટે,
સાચા પ્રેમની પ્રતીતિ કરાવા
સ્વર્ગથી અમને શ્રીકૃષ્ણ લાવ્યા.
... અમે પારિજાતનાં ફૂલ... અમે પારિજાતનાં ફૂલ.

રંગભીનાં યુગોથી અમે,
નમણાં નાજુક સમણાં જેવાં,
... અમે પારિજાતનાં ફૂલ... અમે પારિજાતનાં ફૂલ.

# ૫૨. સાજન શું કહું?

પલપલ તને આવ સાજન શું કહું?
છે નયન આ શ્રાવણી સાજન શું કહું?

ટહુંકે કળાયેલ સાજન શું કહું?
વરસ્યા મનન મેઘ સાજન શું કહું?

છલ છલ છલક સરવરો હું શું કહું?
શરકે શરમ મલક સાજન શું કહું?

ટપકે ટગર ટપટપે હું શું કહું?
થૈ થૈ થનક થનક સાજન શું કહું?

કાજલ ભર્યાં નયન સાજન શું કહું?
ભીનાં સખી વાન સાજન શું કહું?



# ૫૩. સાથી બની

આંખથી સ્વપ્નો ઝરે ઝરણાં બની.
કંઠનો આ સ્વર છે ગઝલ બની.

ખીલશે ફૂલો બધે આ બાગમાં.
આભથી આ આબ ટપકે મધુ બની.

પંકજે રાતે ભ્રમર ગુંજતો રહ્યો.
ક્રમ ક્રમે છે ડાળ પર સ્પંદન બની,

આવજો! આવ્યા નહીં. કેવું કહું?
મૌન ઉપહારે કરામત રવ બની.

એક પડઘો પડઘતો જગમાં બધે
ચાલશે કોઈક સનમ સાથી બની.

# ૫૪. ઊગતો સૂરજ

સાત ડગલાં સાથમાં ચાલ્યાં તમે.
આપણા સહવાસનું કારણ તમે.

વેલડું વૃષભ હવે રણઝણે અહીં.
ડાબલાના પડઘમે પડદા ખશે.

કાળજાની કોર જેવાં ખેતરો.
મૃગ દોડે ગંધમાં પાગલ બની.

લાવ તારો હાથ મારા હાથમાં.
ડાયરો ડેલી હુક્કો કેવો હસે?

વેદનામાં કણસતાં વન બસ અહીં.
ઊગતો સૂરજ વધાવ્યો કેવો હસે.



# ૫૫. ખૂબ ગમશે

તમે આવશો તો મને ખૂબ ગમશે.
જરા હોઠ મલકે મને ખૂબ ગમશે.

નયન આ નસીલાં મને ખૂબ ગમશે.
તમે કાંઈ બોલો મને ખૂબ ગમશે.

અમોને છેહ દો જો સમદર વચ્ચે.
ખોખલા સંબંધ ખાલી ખૂબ ગમશે.

જતી રહેવાની રહેલી જવાની.
હજુ સંગે છો તમો ખૂબ ગમશે.

આવી વસંત ખીલ્યાં છે આ પુષ્પ.
માદક લહેર સંગે તે પણ ખૂબ ગમશે.

# ૫૬. ક્યારે મળીએ?

પગતણી પાયલ બની તું રણઝણી.
આંખનું કાજલ બની તું ગણગણી.
કેમ ખોલું હોઠ તારા નામ પર.

કંઠ તરસી રસ બની તું ગણગણી.
આવ તું બેસી લઈએ બે-ઘડી.
હું વમળ તું નાવ-માછી ખણખણી.

ખીલતાં ભ્રમર ઊડી આ ગણગણે.
બસ સનમ છેલ્લી સલામી આ હવે.
આવજો! ક્યારે મળીએ લખીલખી?



# ૫૭. કહો!

ચાહું તને હું કેમ! એ તો કહો!
મારા હૃદયની વારતા તો કહો!

ગીતો ગલીમાં ગુંજતાં આ બધે
સંતાવ ના ક્યાં છો? તમે તે કહો.

સહરા ફરી આવ્યો તમારા સુધી.
તડપી રહ્યો છું આજ કંઈક કહો.

બુલબુલ બધાં ઉપવન ભરી જ રહ્યાં.
માળી જતાવે ફૂલને તો કહો.

હોવાપણું આ વસુંધરા ના સહે.
અપનાવ કે ઠુકરાવ તું તે કહો.

## ૫૮. શમણાં

શમણાં શમણાં આવે હમણાં,
હરતાં ફરતાં આવે શમણાં.

સાવ અજાણી યાદો લાવે,
બુલબુલ ગાતાં ગાયે શમણાં,

નીલ વર્ણી આંખોમાં એ બેસી,
મતલા મકતા ચાવે શમણાં.

માનસરોવર જાતાં તરતાં,
શ્વેતહંસોને ભાવે શમણાં,

ઝબકે ન્યારી પ્યારી પ્રીયા,
ઉપહાર હવે સાજાવે શમણાં



## ૫૯. પાગલ

ઝરણાં તરણાં વાદળ પાગલ,
હોઠે રમતાં પ્રિયા પાગલ.

શબ્દ ગંધા કુમકુમ પગલે.
છે છંદોમાં શાયર પાગલ.

વાંસલડીના સૂરે ઘેલી.
રાધા, ગોપી, યમુના પાગલ.

ભૂરાં ઘેરાં મોરપીંછામાં.
માધવ, ગોકુળ, મથુરા પાગલ.

ધીરે ધીરે આવો સાજન.
તરસી આંખો દલડાં પાગલ.